**GUJARAT STATE POLICE HOUSING CORPORATION LTD**
**(A Government of Gujarat Undertaking)**
**B/h. Lokayukt Bhavan, Off "CHH " Road, Sector 10/B,**
**GANDHINAGAR-382010**

www.gsphc.gujarat.gov.in CIN: U45201GJ1988SGC011453

**Advt No: GPHC/202526/1**

## SPECIAL RECRUITMENT DRIVE

Gujarat State Police Housing Corporation Ltd invites applications for following position on regular basis.

| Sr. No. | Position | No. of Posts | Age as on 05.08.2025 | Experience as on 05.08.2025 | Details of reserved seats according to type of disabilities out of total seats |
|---|---|---|---|---|---|
| 1 | Assistant Engineer (Civil) | 01 | Min – 25<br>Max -35 | 02 Years | D-Deaf<br>HH-Hard Hearing |

Detailed advertisement is available on GSPHC website: https://gsphc.gujarat.gov.in. Interested Candidate may apply on https://ojas.gujarat.gov.in from **21.07.2025**, 13:00 onwards. Candidates are advised to go through the detailed advertisement before applying.

Last date for online application shall be **05.08.2025.**

Managing Director

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.

રજી. ઓફિસઃ લોકાયુકત ભવનની પાછળ,

"છ" રોડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦

હેલ્પ લાઇન : ૯૯૭૮૪ ૧૦૧૧૮

ઈ-મેલ: recruit-gsphc@gujarat.gov.in

જાહેરાત ક્રમાંક : GPHC/૨૦૨૫૨૬/૧

---

**દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) (પ્રથમ પ્રયત્ન)**

**મદદનીશ ઇજનેર (સિવિલ) વર્ગ-૩ ની કાયમી જગ્યા પર ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ**

(૧) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૧/૧૧/૨૦૨૪નાં પરિપત્ર અન્વયે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. ખાતે મદદનીશ ઇજનેર (સિવિલ) સંવર્ગની **દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખેલ** કુલ:૦૧ (એક) જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે તેમજ ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નિગમની દિવ્યાંગ ઉમેદવાર માટે અનામત રાખેલ ૦૧ (એક) જગ્યાને ધ્યાને લઇ આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૨૧/૦૭/૨૦૨૫ (બપોરના ૧ કલાક) થી તા.૦૫/૦૮/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇ પણ ઉમેદવારોએ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) આ ભરતી માટે નીચે જણાવ્યા મુજબની કેટેગરીમાં કુલ-૦૧ સિવિલ ઇજનેર જગ્યા ભરવામાં આવનાર છે. આ જગ્યાઓ સમગ્ર ગુજરાતમાં નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રોજેક્ટ માટે રહેશે.

| કેટેગરી | કુલ ભરવાની જગ્યા | જે પૈકી મહિલા માટે આરક્ષિત |
|---|---|---|
| જનરલ | ૦૦ | ૦૦ |
| અનુસૂચિત જાતિ (SC) | ૦૦ | ૦૦ |
| અનુસૂચિત જનજાતિ (ST) | ૦૦ | ૦૦ |
| સામાજિક અને આર્થિક પછાત વર્ગ (SEBC) | ૦૦ | ૦૦ |
| આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | ૦૦ | ૦૦ |
| માજી-સૈનિક | ૦૦ | ૦૦ |
| દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | ૦૧ | ૦૦ |
| કુલ | ૦૧ | ૦૦ |

(૩) **દિવ્યાંગ ઉમેદવારો માટે**

આ જાહેરાતમાં મદદનીશ ઇજનેર(સિવિલ) ની કુલ-૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખેલ છે. દિવ્યાંગજનો માટેની કુલ-૦૧ અનામત જગ્યા સા.વ.વિભાગનાં તા.૧૧/૧૧/૨૦૨૪ નાં ઠરાવ મુજબ ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ભરવાની થાય છે.

| ક્રમ | કેટેગરી | દિવ્યાંગતા | દિવ્યાંગતા પ્રકાર | અનામત જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | B | બધિર અને ઓછુ સાંભળનાર | D-Deaf,<br>HH-Hard Hearing | ૦૧ |

- દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ-૭/ગ-૨ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યંગતાની ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.
- શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક :GAD/PHA/e-file/1/2023/8017 /G2-Section થી પરિપત્રિત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.
- આ જાહેરાત દિવ્યાંગ વ્યક્તિઓની અનામતની ઘટની જગ્યાઓ ખાસ ભરતી ઝુંબેશ (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા અંગેની હોઈ કક્ષાવાર કોઈ અનામત જગ્યાઓ રાખવામાં આવેલ

નથી. પરંતુ દિવ્યાંગ ઉમેદવાર તેઓ જે કેટેગરીના હોય તે કેટેગરીમાં અરજી કરી શકશે. પસંદગી પામેલ ઉમેદવારોને સંબંધિત કેટેગરી (SC/ST/SEBC/EWS) ની જગ્યા સામે સરભર કરવાના રહેતા હોઈ મૂળ ગુજરાત રાજ્યના અનામત વર્ગના ઉમેદવારોનો જ સમાવેશ તેઓના અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (SC/ST/SEBC/EWS) સામે કરવામાં આવશે અન્યથા સામાન્ય કેટેગરીમાં દર્શાવવામાં આવશે.

- દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશથી (SPECIAL RECRUITMENT DRIVE) થી ભરવા માટેની પ્રક્રિયા હોય મહિલાઓ તથા માજી સૈનિક માટે અલગથી અનામત જગ્યાઓ રાખવામાં આવેલ નથી.
- દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રક માં તેઓની દિવ્યાંગતાસંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(૪) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગારધોરણની વિગતો:

| | |
|---|---|
| જગ્યાનું નામ | મદદનીશ ઇજનેર(સિવિલ), વર્ગ-૩ |
| શૈક્ષણિક લાયકાત | માન્ય યુનિવર્સિટીમાંથી Bachelor of Engineering/B.Tech in Civil ની પદવી (ઓછામાં ઓછા પ્રથમ વર્ગ મેળવેલ હોવો જોઇએ) |
| અનુભવઃ | સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૦૨ વર્ષ અને તેથી વધુ અનુભવ હોય તેવા ઉમેદવાર જ અરજી કરી શકે છે. સંબંધિત ઉમેદવારને તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ ૦૨ વર્ષનો અનુભવ પૂર્ણ થયેલ હોવો જરૂરી છે. |
| પગારધોરણ | પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક થયેથી, નાણાં વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧ તથા ઠરાવ નં ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા.૦૬/૧૦/૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨૫૭ /પાર્ટ-૨/ઝ-૧ તા.૨૦/૧૦/૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તથા ૨૦/૧૦/૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭ /પાર્ટ-૨/ઝ-૧ તથા ૧૮/૦૧/૨૦૧૭ તથા ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨/૫૭/ પાર્ટ-૪ /ઝ-૧ તથા ૧૮/૧૦/૨૦૨૩ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ. ૪૯૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે તેમજ આ ઠરાવથી થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે.<br><br>પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક સત્તાધિકારી દ્વારા નાણા વિભાગનાં તા.૨૮/03/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨/૫૭(પાર્ટ-૩)/ઝ-૧ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન |

| | |
|---|---|
| | રહીને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષનાં અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયનાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. |
| **વયમર્યાદા** | ૨૫ વર્ષ થી ૩૫ વર્ષ |

**(૫) <u>વયમર્યાદામાં છુટછાટ :-</u>**

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જે અનામત કેટેગરીની જાહેરાતમાં જગ્યા શૂન્ય દર્શાવેલ હોય તો તે અનામત કેટેગરીના ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ માટે બિન અનામતવર્ગનાં ધારાધોરણ લાગુ પડશે.

(૩) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| **સામાન્ય કેટેગરીના દિવ્યાંગ પુરૂષ ઉમેદવારો** | **૧૦ વર્ષ** | **૪૫ વર્ષ** |
| **સામાન્ય કેટેગરીના દિવ્યાંગ મહિલા ઉમેદવારો (૧૦+૫=૧૫)** | **૧૫ વર્ષ** | **૪૫ વર્ષ** |
| **અનામત કેટેગરીના દિવ્યાંગ પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫)** | **૧૫ વર્ષ** | **૪૫ વર્ષ** |
| **અનામત કેટેગરીના દિવ્યાંગ મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦)** | **૨૦ વર્ષ** | **૪૫ વર્ષ** |

**(૬) <u>અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો, મહિલા ઉમેદવારો , માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારો માટેની સામાન્ય જોગવાઈઓ:-</u>**

(૬.૧) ભરતીનાં તમામ જરૂરી પ્રમાણપત્રો તા.૦૫/૦૮/૨૦૨૫નાં રોજ માન્ય હોવા જોઈએ.

(૬.૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૬.૩) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.

(૬.૪) જેમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના

તા.૨૬.૦૪.૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેથી **બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.01/04/2023 બાદનાં સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.** આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવુ જોઈએ.

(૬.૫) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫.૦૧.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ઈ.ડબ્લ્યુ.એસ. / ૧૨૨૦૧૯ / ૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુનામાં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવુ જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહી.

(૬.૬) **માજી સૈનિક (Ex-Serviceman) ઉમેદવારો માટે**:-

I. સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨.૦૧.૨૦૧૮નાં ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઈ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

II. ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ. માજી સૈનિક ઉમેદવારોએ(Ex-Serviceman) અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક (Ex-Serviceman) તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું, સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર નિગમ દ્વારા માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઈન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં ક્લીક કરેલ હોય અને ભવિષ્યમાં નિગમ દ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી/નિમણૂંક રદ કરવામાં આવશે.

III. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી GENERAL, EWS, SC, ST, SEBC સામે સરભર કરવામાં આવશે.

IV. ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમર બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં, પરંતુ કોઇ પણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.

V. માજી સૈનિકોને જે તે સંવર્ગની જગ્યા માટે જાહેરાતમાં માંગેલ શૈક્ષણિક લાયકાતમાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર થશે નહી. તે જ પ્રકારે જાહેરાતમાં જણાવેલ અનુભવમાં કોઇ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર થશે નહીં.

VI. લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ તેઓ પસંદ થાય તો તેઓની પસંદગી સમયે તેઓને અગ્રતા આપી શકાશે અને પસંદગીના માપદંડમાં છૂટછાટ આપી શકાશે.

(૭) <u>પરીક્ષા:</u> મદદનીશ ઇજનેરની ૦૧ જગ્યા માટે પરીક્ષા લેવામાં આવશે તેમા અભ્યાસક્રમની માહિતી નીચે મુજબ છે.

| અભ્યાસક્રમ | કુલ પ્રશ્નો | કુલ ગુણ | માધ્યમ | સમય |
|---|---|---|---|---|
| **સામાન્ય અભ્યાસ** | **૫૦** | **૧૫૦** | **ગુજરાતી** | **૧૨૦ મીનીટ** |
| **સિવિલ ઇજનેર** | **૧૦૦** | **૩૦૦** | **અંગ્રેજી** | |
| **કુલ** | **૧૫૦** | **૪૫૦** | | |

- સામાન્ય અભ્યાસનો અભ્યાસક્રમ ANNEXTURE-1 મુજબ રહેશે.
- સિવિલ ઇજનેરીનો અભ્યાસક્રમ ANNEXTURE- 2 મુજબ રહેશે.
- સદર પરીક્ષામાં કુલ દરેક પ્રશ્નોનાં કુલ 3 ગુણ લેખે કુલ ૪૫૦ ગુણની પરીક્ષાનો સમયગાળો કુલ ૨ કલાક (૧૨૦ મીનીટ) નો રહેશે. સદર પરીક્ષા MCQ ( Multiple Choice Question) અને OMR (Optical Mark Recognition) પદ્ધતિથી લેવામાં આવશે. જેમાં મુલ્યાંકન નીચે મુજબ ગણવામાં આવશે.

    I. દરેક સાચા જવાબનાં 03 ગુણ મળશે.

    II. પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦૧ ગુણ કાપવામાં આવશે.

    III. પ્રત્યેક ખાલી છોડેલ જવાબ દીઠ ૦૧ ગુણ કાપવામાં આવશે.

IV. એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકાછેક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબ ખોટા ઠરાવવામાં આવશે તથા ૦૧ ગુણ કાપવામાં (માયનસ) આવશે.

V. દરેક પ્રશ્નોનાં જવાબોમાં એક વિકલ્પ 'E' (Not Attempted) રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નોના જવાબ આપવા ન ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને આ વિકલ્પ પસંદ કરવાનાં કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી.

VI. આમ, ઉમેદવારે મેળવેલા સાચા જવાબનાં કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (ii), (iii), (iv) મુજબ બાદ (માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

- OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે અથવા તો ચેકચાક કરશે તો તે જવાબ ખોટો ગણવામાં આવશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી રહેશે.

(૮) **<u>ના વાંધા પ્રમાણપત્ર</u>**: ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા તેમના ખાતા મારફત "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૯) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૧૦) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ/ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૧) **<u>એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)</u> :**

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ઉમેદવાર જે અરજી હેઠળ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તે અરજી જ માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે.

(૧૨) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ દર્શાવે તે જ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ ચાલુ રાખવું. ભવિષ્યમાં નિગમ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ બદલવું નહીં.

(૧૩) અરજીઓ ફક્ત https://ojas.gujarat.gov.in પરથી જ કરી શકાશે. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે વિસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇ-મેઈલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(૧૪) **<u>શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી</u>** :

લેખિત પરિક્ષા પૂર્ણ થયા બાદ લેખિત પરિક્ષાના પરિણામના આધારે નિયમોનુસાર જરૂરી ઉમેદવારોને શૈક્ષણિક તથા અનુભવના પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં તમામ પ્રમાણપત્રો અસલમાં સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે. જો પ્રમાણપત્રો તથા અરજીમાં દર્શાવેલ વિગતો ખોટી જણાશે તો ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૫) **<u>પસંદગી યાદી</u>** :

રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વર્ગ-૩ માં રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) પધ્ધતિ રદ કરેલ છે. જેથી શૈક્ષણિક પ્રમાણપત્રોની ચકાસણી બાદ લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે નિયમોનુસાર **કુલ-૦૧** ઉમેદવારોની કેટેગરી પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરી ખાલી જગ્યા પર નિમણૂંકની પ્રક્રિયા તબકકાવાર હાથ ધરવામાં આવશે તથા જરૂરિયાત મુજબ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૧૫.૧) બે ઉમેદવારો લેખિત પરીક્ષામાં સમાન ગુણ મેળવે ત્યારે નીચે મુજબ પસંદગી કરવામાં આવશે.

- બંને ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત પૈકી જે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત વધુ હશે, તેને પ્રથમ પસંદગી રહેશે. દા.ત. જો બે સમાન ગુણવાળા ઉમેદવારો પૈકી એક ઉમેદવારની લાયકાત બી.ઇ. (સિવિલ) હોય અને બીજા ઉમેદવારની લાયકાત એમ.ઇ. (સિવિલ) હોય તો એમ.ઇ. (સિવિલ) ની લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે અને જો બંને ઉમેદવારો એમ.ઇ. (સિવિલ) હોય તો બે પૈકી કોઇ એક ઉમેદવારની લાયકાત એમ.ઇ. (સિવિલ) ઉપરાંત સિવિલ ઇજનેરી અથવા મેનેજમેન્ટ વિષયની અન્ય કોઇ લાયકાત દા.ત. એમ.બી.એ. હશે તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

- જો બંને ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત સમાન હશે તો જે ઉમેદવારના ડિગ્રી પરીક્ષાના CGPA વધુ હશે તેને ધ્યાનમાં લેવામાં આવશે. પરંતુ જો તેઓના ડિગ્રી પરીક્ષાના CGPA સમાન હશે તો ધોરણ-૧૨ ની ટકાવારી /પર્સન્ટાઇલ ધ્યાને લેવામાં આવશે અને ધોરણ-૧૨ ની ટકાવારી પણ સમાન હશે તો ધોરણ-૧૦ ની ટકાવારી / પર્સન્ટાઇલ ધ્યાનમાં લેવામાં આવશે.
- ત્યારબાદ જો શૈક્ષણિક લાયકાત તેમજ ટકાવારી પણ સમાન હશે તો તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પસંદગી આપવામાં આવશે.

**(૧૬)** પગારધોરણ :

(૧૬.૧) પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક થયેથી, નાણાં વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧ તથા ઠરાવ નં ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા.૦૬/૧૦/૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨૫૭ /પાર્ટ-૨/ઝ-૧ તા.૨૦/૧૦/૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તથા ૨૦/૧૦/૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તથા ૧૮/૦૧/૨૦૧૭ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧ તથા ૧૮/૧૦/૨૦૨૩ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ. ૪૯૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે તેમજ આ ઠરાવથી થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે.

(૧૬.૨) પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક સત્તાધિકારી દ્વારા નાણા વિભાગનાં તા.૨૮/૦૩/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૩)/ઝ-૧ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન રહીને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષનાં અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયનાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૧૭) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ** :

(૧૭.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે.

**(૧૭.૨)** ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG

ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૧૭.૩) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૭.૪) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૧૭.૫) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૧૮) **પરીક્ષા ફી:**

દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની નથી.

(૧૯) **ગેરવર્તણુક અંગે દોષિત ઠરેલ વિરુદ્ધ પગલાં**

(૧૯.૧) નિગમ જે કોઈ ઉમેદવારને -

૧. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

૨. બીજાનું નામ ધારણ કરવા માટે,

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

૬. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

૭. પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરીરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચારવા માટે,

૮. લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબતો સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે

૯. ઓ.એમ.આર. ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિન્હ કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,

૧૦. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે, અથવા

૧૧. પરીક્ષાના સંચાલન કરવા માટે નિગમે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારિરીક રીતે ઈજા કરવા માટે, અથવા

૧૨. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

૧૩.પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય

૧૪. પરીક્ષા ખંડમાં મોબાઈલ/બ્લુટુથ કે અન્ય ઇલેક્ટ્રોનીક્સ ગેઝેટ સાથે હાજર રહે તેમજ ગેરરીતિ કરવા પ્રયાસ માટે,

તો ઉપરોક્ત ૧ થી ૧૪ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત,

(ક) નિગમ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) નિગમે સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રુબરુ મુલાકાતમાથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

(૧૯.૨)ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધસરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેર-લાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/ નિમણૂંક રદ થવાને પાત્ર બનશે.

(૧૯.૩)ઉમેદવારને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈ પણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી.

(૨૦) <u>ફેરફાર કે રદ કરવાની નિગમ ની સત્તા</u>

આ જાહેરાત કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો સંપુર્ણ હક્ક/અધિકાર નિગમનો રહેશે તથા તેના કારણો આપવા નિગમ બંધાયેલ રહેશે નહી તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે .

**<u>જરૂરી સૂચના:</u>**

લેખિત પરીક્ષા, પરીક્ષા કેન્દ્રો તેમજ આ જાહેરાતને સંલગ્ન અન્ય તમામ સૂચનાઓ વખતોવખત નિગમની વેબસાઇટ www.gsphc.gujarat.gov.in તેમજ https://ojas.gujarat.gov.in પર મુકવામાં આવશે, જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઇ ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીનાં ચાલુ કામકાજના સમય દરમિયાન હેલ્પ લાઈન નંબર **૯૯૭૮૪૧૦૧૧૮** પર તથા recruit-gsphc@gujarat.gov.in પર ઈ-મેઈલ કરી શકાશે.

**સ્થળ : ગાંધીનગર** **(નિપુણા તોરવણે)**

તારીખઃ ૧૭.૦૭.૨૦૨૫ અધિક પોલીસ મહાનિદેશક

અને મેનેજિંગ ડિરેક્ટર

**<u>ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના</u>**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા મદદનીશ ઈજનેર (સિવિલ) સંવર્ગની દિવ્યાંગ માટે અનામત જગ્યા પર સીધી ભરતી માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે, તેમજ નિગમના પદાધિકારી /અધિકારી/કર્મચારીને નામે જો કોઈ ઈસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવતા હોય તો તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# Annexure - 1

## સામાન્ય અભ્યાસનો અભ્યાસક્રમ

કુલ ગુણ : ૧૫૦ | કુલ પ્રશ્નો - ૫૦ | માધ્યમ : ગુજરાતી

| | |
|---|---|
| ૧ | ભારતની ભૂગોળ - ભૌગોલિક, આર્થિક, સામાજિક, કુદરતી સંસાધન અને વસ્તી અંગેની બાબતો- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય, કલા અને સ્થાપત્યો - ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૩ | ભારતનો ઇતિહાસ- ગુજરાતના ખાસ સંદર્ભ સાથે |
| ૪ | ભારતની અર્થવ્યવસ્થા અને આયોજન |
| ૫ | ભારતીય રાજનીતિ અને ભારતનું બંધારણ :<br>(૧) આમુખ<br>(૨) મૂળભૂત અધિકારો અને ફરજો<br>(૩) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો<br>(૪) સંસદની રચના<br>(૫) રાષ્ટ્રપતિની સત્તા<br>(૬) રાજ્યપાલની સત્તા<br>(૭) ન્યાયતંત્ર<br>(૮) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેનીજોગવાઇઓ<br>(૯) એટર્ની જનરલ<br>(૧૦) નીતિ આયોગ<br>(૧૧) પંચાયતી રાજ<br>(૧૨) નાણાં પંચ<br>(૧૩) બંધારણીય તથા વૈધાનિક સંસ્થાઓ - ભારતનું ચૂંટણી પંચ, સંઘ લોક સેવા આયોગ, રાજ્ય લોક સેવા આયોગ, કોમ્પ્ટ્રોલરએન્ડ ઓડીટર જનરલ; કેન્દ્રિય સતર્કતા આયોગ, લોકપાલ તથા લોકાયુક્ત અને કેન્દ્રિય માહિતી આયોગ. |
| ૬ | ગણિતઅને સામાન્ય બૌદ્ધિક ક્ષમતા કસોટી |
| ૭ | સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ અને ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી |
| ૮ | ખેલ જગત સહીત રોજબરોજનાં પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના બનાવો. |
| ૯ | સામાન્ય જાગૃતિ અને સામાન્ય જ્ઞાન |

## Annexure-II

**Syllabus of the Civil Engineering for the examinationof the post of Assistant Engineer (Civil),Class-III in Gujarat State Police Housing Corporation Ltd.**

**Marks-300 Questions-100 Medium– English**

1. **Building Materials:**
   Stone Lime, Glass, Plastics, Steel, FRP, Ceramics, Aluminum, Fly Ash, Basic Admixtures, Timber, Bricks and Aggregates: Classification, properties and selection criteria; Cement: Types, Composition, Properties, Uses, Specifications and various Tests; Lime & Cement Mortars and Concrete: Properties and various Tests; Design of Concrete Mixes: Proportioning of aggregates and methods of mix design. Pre-cast and Pre-fabrication technology.

2. **Solid Mechanics**:
   Elastic constants, Strees, plane strees, Strains, plane strain, Mohr's circle of stress and strain, Elastic theories of failure, Principal, Stresses, Bending and Torsion.

3. **Structural Analysis**:
   Basics of strength of materials, Types of stresses and strains, Bending moments and shear force, concept of bending and shear stresses; Analysis of determinate and indeterminate structure; Trusses beams, plane frames; Rolling loads, Influence Lines, Unit load method & other methods; Free and Forced vibrations of single degree and multi degree freedom system; Suspended Cables; Concepts and use of Computer Aided Design.

4. **Design of Steel Structures**:
   Principles of Limit State Methods, Design of tension and compression members, Design of beams and beam column connections, built-up sections, Girders, Industrial roofs, Principles of Ultimate load design.

5. **Design of Concrete and Masonry Structures**:
   Limit state design for bending, shear, Axial compression and combined forces; Design of beams, Slabs, Lintels, Foundations, Retaining walls, Tanks, Staircases; Principles of pre-stressed concrete design including materials and methods; Earthquake resistant design of structures; Design of Masonry Structure.

6. **Construction Practice, Planning and Management**:
   Construction – Planning, Equipment, Site investigation and Management including Estimation with latest project management tools and network analysis for different types of works; analysis of Rates of various types of works; Tendering Process and Contact Management, Quality Control, Productivity, Operating Cost; Land acquisition; Labour safety and welfare, maintenance and repair, Electrical layouts of single buildings, Heat Ventilation and air conditioning, Fire safety.

7. **Building Construction:**
   Brick and stone masonry walls, types of masonry, cavity walls, reinforced brickwork, building services, detailing of floors, roofs, ceiling, stairs, doors and windows, finishing, formwork, ground water control techniques, cofferdams, functional planning of building, orientations of buildings, low cost housings.

8. **Environmental Engineering:**

   a) **Water Supply Engineering**:
      Sources, Estimation, quality standards and testing of water and their treatment; Rural, Institutional and industrial water supply; Physical, chemical and biological characteristics and sources of water, Pollutants in water and its effects, Estimation of water demand; Drinking water Standards, Water Treatment Plants, Water distribution networks.

   b) **Waste Water Engineering**:
      Planning & design of domestic waste water, sewage collection and disposal; Plumbing Systems, Components and layout of sewerage system; Planning & design of Domestic Waste-water disposal system; Sludge management including treatment, disposal and re-use of treated effluents; industrial waste waters and Effluent Treatment Plants including institutional and industrial sewage management.

9. **Geo-technical Engineering and Foundation Engineering**:

   a) **Geo-technical Engineering**:
      Soil exploration – planning & methods, Properties & soil, classification, various tests and interrelationships, Permeability & Seepage, Compressibility, consolidation and Shearing resistance, Earth pressure theories and stress distribution in soil; properties and used of geo-synthetics.

   b) **Foundation Engineering**:
      Types of foundations & selection criteria, bearing capacity, settlement analysis, design and testing of shallow & deep foundations; Slope stability analysis, earthen embankments, Dams and Earth retaining structures: types, analysis and design, Principles of ground modifications

10. **Surveying and Geology:**

a) **Surveying:**

Classification of surveys, various methodologies, instruments & analysis of measurement of distances, elevation and direction; Field astronomy, Global Positioning System; Map preparation; Photogrammetry; Remote sensing concepts; Survey Layout for culverts, canals, bridges, road/railway alignment and buildings, Setting out of Curves.

b) **Geology:**

Basic Knowledge of Engineering geology & its application in projects

11. **Road Safety measures**

12. **Civil Engineering in Gujarat-Important Buildings, Monuments and Construction-Historical as well as Modern.**

13. **Current trends and Recent Advancements in the Above Fields.**